# નામ બડે, દર્શન ભી બડે

**ધ** અમિતાભ બચ્ચન- વિશે લખવા માટે હું બહુ નાનો છું પણ નાની આંખે, મોટી મૂર્તિ જોવાનો અલગ રંગ છે. આવતી ૧૧મી ઓકટોબેરે અમિતજીનો જન્મદિવસ છે. હું નસીબદાર છું કે અમિતજી સાથે મેં થોડો સમય ગુજાર્યો છે.

1997/98ની આસપાસ મેં લખેલી 'રંગીલા', 'યેસ બોસ', 'કચ્ચે-ધાગે' જેવી અમુક ફિલ્મો સફળ ગયેલી ત્યારે અચાનક અમિતજીએ મને ઓફિસ પર બોલાવ્યો. (આ સમયાગાળો 'કે.બી.સી' પહેલાંનો હતો) અમિતજીની એ.બી.કોર્પ નામની મિડિયા કંપની ફડચામાં ગઇ હતી. અમિતજી ત્યારે લેખકોને સતત મળી રહ્યા હતા જે એમની નવી ઈમેજ રચી શકે. એ અણધારી મીટિંગમાં હું 30 મિનિટ મોડો પહોંચેલો અને મેં માફી માંગતાં કહ્યું કે- "સર, તમને પહેલી વાર મળવા આવવાનું હતું માટે નવાં કપડાં ખરીદવા ગયેલો એમાં સ્હેજ મોડું થઇ ગયું!" અમિતજી મારામાંનો ભોળો ફેન જોઇને હસી પડ્યા. એમને મારી 'યેસ બોસ' અને 'દૌડ' જેવી બે અલગ અલગ ફિલ્મો ગમેલી. મેં એમને આગામી મીટિંગોમાં 2-4 વાર્તાઓ સંભળાવી પણ તેઓ સિનેમા વિશે જૂના વિચારોમાં ખોવાયેલા હતા.

પછી સપ્ટેમ્બર 1999માં મારી ફિલ્મ 'ખૂબસૂરત'ના મ્યુઝિક રીલિઝ ફંક્શન માટે એમને આમંત્રણ આપવા ગયો તો એમણે તરત જ હા પાડતાં કહ્યું: "પ્રયત્ન કરીશ. મારી દિલ્લીથી મુંબઈની સાંજની ફ્લાઈટ છે, 10 સુધી પહોંચાશે તો આવીશ." પછી એ સાંજથી એમનો અને એમના સેક્રેટેરી રોઝીનો સતત ફોન આવતો કે સાહેબને મોડું થઇ શકે છે, સોરી! વગેરે વગેરે. આવું કરવાની કંઇ જરૂર નહોતી કારણ કે હું કોણ? પણ બચ્ચન, બચ્ચન છે. એટલું જ નહીં પણ ના આવવા બદલ પત્ર પણ મોકલ્યો. એ જ 'ખૂબસૂરત'ના પ્રિવ્યૂ-શોમાં નાદુરસ્ત તબિયત છતાં સપરિવાર ફિલ્મ જોવા આવ્યા ને આશીર્વાદ આપ્યા.

2000માં હું અને શાહરૂખ, એની કંપની માટે બાપ-બેટા વિશે એક સ્ક્રીપ્ટ વિચારી રહ્યા હતા. (યશ ચોપડાની મહોબ્બતે- પહેલાં) સમાચાર મળતાં જ અમિતજીએ મને બોલાવીને વાર્તા સાંભળી ને પછી એક યજમાનને શોભે એમ કાર સુધી બંગલાની બહાર મૂકવા આવ્યા. મારા પાંચ ફૂટ પાંચ ઈંચના ખભે હાથ મૂકીને કહ્યું- "સંજય, જલ્દી કુછ સોચો, બોર હો ગયા હૂં. મુઝે જલ્દ હી સેટ પે જાના હૈ, કામ કરના હૈ, સેટકી ખુશ્બૂ ફિરસે મેહસૂસ કરની હૈ.." મારા જેવાને પણ ફેંકલી આવું કહી શકવા પાછળ એમનું કલાકાર તરીકેનું પેશન કે પાગલપન હતું. આ છે અમિતજીને 'બચ્ચનસાહેબ' બનાવનાર તત્ત્વ! બોલિવૂડને કામ પ્રત્યેની નિષ્ઠા કે પ્રોફેશનાલીઝમ જેવા શબ્દો- અમિતજી જેવા વિરાટ વ્યક્તિત્વ સિવાય કદાચ ક્યારેય ના મળ્યા હોત.

1995-96માં અમિતજીએ 'એબી કોર્પ' નામની ફિલ્મઝ/મિડિયા માટેની કોર્પોરેટ કંપની ખોલેલી, જેમાં બેહિસાબ બદનામી વ્હોરવી પડેલી અને પછી ફિનિક્સ પંખીની જેમ રાખમાંથી ફરી ઊભા થવું પડ્યું. પણ- એમની કંપની એ.બી. કોર્પની ભૂલોથી શીખીને બીજી કોર્પોરેટ કંપનીઓ સફળ થઇ અને ફિલ્મલાઈનને સિરિયસ બિઝનેસનો દરજ્જો મળ્યો. અંડરવર્લ્ડના પૈસા, કોન્ટેકટ, દાદાગીરીનો અંત થવા માંડ્યો. અહીં એક કબૂલાત કે એક ફિલ્મ માટે મને પણ એમની કંપનીએ 1 લાખ રૂ. એડવાન્સ તરીકે આપેલા પણ કોઇ કારણોસર એ ફિલ્મ ના બની છતાં યે એમણે ક્યારેય પૈસા પાછા માંગ્યા નથી કે આપ્યા તો યે લીધા નથી. વળી નાનામાં નાના માણસના ફોનનો જવાબ આપવો, એસ.એમ.એસ.ના ઉત્તર આપવા, જન્મદિવસે કે 'આભાર'ના પત્રો લખવા, કોઇકની ફિલ્મ ગમે તો કાર્ડ કે ફૂલો મોકલવા એવા ફોર્મલ પણ ભદ્ર વહેવારની કર્ટસી અમિતજીએ જ બોલિવૂડને શીખવી.

મેં અમિતજી સાથે ફિલ્મો નથી કરી પણ 3-4 એડવર્ટાઈઝિંગ-ફિલ્મો કરી છે અને ત્યારે ખૂબ શીખવા મળેલું. જેમ કે- આજે બોલિવૂડમાં મોટા ભાગના કલાકારો હિંદી વાંચી નથી શકતા, ફિલ્મ-સ્ક્રિપ્ટને 'રોમન' લિપિ કે અંગ્રેજીમાં જ વાંચે છે પણ અમિતજી એકમાત્ર એવા કલાકાર છે જે ફિલ્મ સ્ક્રીપ્ટના સંવાદો, હિંદી લિપિમાં લખાયેલાં કે ટાઈપ કરાયેલાં હોય એનો આગ્રહ રાખે છે. કારણ હિંદી કવિ હરિવંશરાયના પુત્ર છે ને? હમણાં એક વાર અમિતજીને મળ્યો ત્યારે મેકઅપ રૂમમાં એક-એક શબ્દ પર ભાર મૂકીને નાના બાળકની જેમ સંવાદો ગોખતા હતા. મેં પૂછ્યું, તો સમજાવ્યું: "અબ ઉમર હો ગઇ હૈ સેટ પે સંવાદ ભૂલ કે દૂસરોં કો તકલીફ દે કે શરમિંદા નહીં હોના ચાહતા." કેટલી સજાગતા ને કર્મઠતા!

અમિતજી ના હોત તો એન્ટી હીરો કે નેગેટીવ તત્ત્વોવાળો નાયક, આપણને હિંદી સિનેમામાં જોવા ના મળત. પોતાના અવાજમાં ગીતો ગાવાની હિમ્મત પણ હીરો લોકો ના કરત. અમિતજીએ 'મિ. નટવરલાલ' અને 'સિલસિલા'માં ગીતો ગાયાં પછી જ સંજય દત્ત, આમીર, શ્રીદેવી, શાહરૂખ જેવા કલાકારોએ પોતાના અવાજમાં ગાવાની કોશિશ કરી. મેં શાહરૂખ-સલમાનના અનેક વિદેશના શો લખ્યા છે પણ અમિતજીનો એક શો લખેલો ત્યારે નવાસવા કલાકારની જેમ એમને રિહર્સલ કરતાં જોવાનો લ્હાવો મળેલો.

અમિતજીએ ખાનગીમાં અમારી સામે અને ઘણી વાર જાહેરમાં પણ નમ્રતાથી કબૂલ્યું છે કે રાજેશ ખન્ના સાથે 'સુપરસ્ટાર'શબ્દ ખતમ થાય છે. પાંચ-છ વર્ષ રાજેશ ખન્નાએ જે લોકપ્રિયતા જોઇ છે એવી કોઇએ નથી જોઇ. 1990માં મૂવી મેગેઝીને રાજેશ ખન્ના ને અમિતાભનું કવર સ્ટોરી માટેનું સહિયારું ફોટો સેશન કરેલું જેના ફોટોગ્રાફર ગૌતમ રાજાધ્યક્ષે એક વાર મને કહેલું કે એના સ્ટુડિયોમાં પ્રોપર મેકઅપ રૂમ નહોતો. તો અમિતજી અકળાઇ ગયેલા કે- "ચલો, હું તો બાથરૂમમાં કપડાં બદલી લઇશ પણ કાકાજી (રાજેશ) કૈસે એડજસ્ટ કરેંગે? ઈતને સીનિયર સુપરસ્ટાર હૈ વો?" ઈનફેક્ટ, બચ્ચનજી ના હોત તો સુપરસ્ટાર શબ્દ રાજેશ ખન્ના સાથે જ ખતમ થઇ જાત. રાજેશ ખન્નાના મોત સમયે આશીર્વાદ બંગલામાં ખન્નાની લાશ સામે સતત 10 મિનિટ અમિતજીને મૂર્તિની જેમ એમને તાકતા મેં સગી આંખે જોયા છે. શું શું યાદ આવ્યું હશે એમને એ ડેડબોડી સામે. પછી રાજેશ ખન્નાની સ્મશાન યાત્રામાં જૂહૂની કૂપર હોસ્પિટલથી પવનહંસ એરપોર્ટ સુધી દોઢ કિલોમિટર અમિતજી ચાલીને ગયા હતા કારણે કે રાજેશ ખન્નાના હજારો ચાહકોએ ટ્રાફિક જામ કરેલો! અમિતજી ના જાત તોયે ચાલત પણ ખાનદાની અને વહેવાર બચ્ચનજી સુપેરે નિભાવે છે.

અને હા, સુપર-સ્ટાર બચ્ચનજી ના હોત તો એમના 2011માં 70મા જન્મદિવસમાં ચુનીંદા 500-600 મહેમાનો વચ્ચે ભવ્ય બર્થડે પાર્ટીમાં મને જવાનો મોકો ના મળ્યો હોત. ત્યાં એમને હસતાં-ગાતાં નાચતાં ને સૌને પ્રેમથી ભેટતાં જોવાનો લ્હાવો ના મળ્યો હોત. અમિતજીએ એમાં કવિ-પિતા હરિવંશરાય બચ્ચનની એક નૃત્ય-નાટિકા દેખાડી ને એમાં એક એંટ્રી કરેલી. એ સાંજે ભારત વર્ષમાંથી અમે અમુક જ નસીબદાર લોકો ત્યાં મોજૂદ હતા અને એ પાર્ટી જેવી ક્લાસિક મહેફિલ મેં કદીયે જોઇ નથી. રાત્રે 3-4 વાગે આખરે અમારા જેવા 40-50 લોકો, જેમાં શાહરૂખ-સંજય દત્ત-આમિર વગેરે પણ હતા અને સૌની ખાસ ફરમાઇશ પર એમણે એક ડાંસ કરેલો, કોઇ પણ જાતના નખરા વિના છેક સુધી સૌને સેલ્ફી આપી, "તમે જમ્યાં કે નહીં?" એકએકને પૂછ્યું. એ ઉંમરે, આટઆટલી બીમારી પછી આવી એનર્જી ક્યાંથી આવતી હશે?

એ તો ઓન્લી બચ્ચનજી જ જાણે 'હાંય'!

**હમણાં એક વાર અમિતજીને મળ્યો ત્યારે મેકઅપ રૂમમાં એક-એક શબ્દ પર ભાર મૂકીને નાના બાળકની જેમ સંવાદો ગોખતા હતા**

**સંગત સિતારોં કી**

★ સંજય છેલ






# સફેદ કોર્ટમાં ફાર્મા કંપનીઓનો 'કાળો' કારોબાર

દુનિયામાં બીમારી ગમે ત્યારે આવે છે, પણ ભારતમાં બીમારી આવે ત્યારે માણસ રોગથી ઓછો અને દવાઓના બિલથી વધારે મરે છે! કેન્સર, હૃદયરોગ કે કિડની જેવા ગંભીર રોગોથી પીડાતા દર્દીઓના પરિવારો જ્યારે મેડિકલ સ્ટોર કે કોર્પોરેટ હોસ્પિટલોના કાઉન્ટર પર ઊભા રહે છે, ત્યારે એમનું ખિસ્સું ખાલી નથી થતું, પણ આખેઆખું જીવન લૂંટાઈ જાય છે. જે દવા ઉત્પાદક કંપની પાસેથી માંડ 2,700માં બહાર નીકળે છે, એ જ દવાની પટી પર 'MRP' (મહત્તમ છૂટક કિંમત) 27,000 છાપીને દર્દીઓને વેચવામાં આવે છે! 10 ગણો મસમોટો નફો, વચેટિયાઓની મસમોટી કમિશનની રમત અને કોર્પોરેટ હોસ્પિટલોનો દાદાગીરીભર્યો નફો. આ બધું જ કાયદાની છત્રછાયા હેઠળ 'લીગલ' રીતે ચાલી રહ્યું હતું, જેને સુપ્રીમ કોર્ટે ખુલ્લેઆમ 'દિવસે-દહાડે પડતી ધાડ' અને 'માનવસંહાર' ગણાવ્યું છે. પહેલા સમજીએ કે ભારતમાં દવાઓની કિંમતો કઈ રીતે નક્કી થાય છે, કાયદાની કઈ છટકબારીઓનો ફાર્મા કંપનીઓ લાભ ઉઠાવે છે અને સુપ્રીમ કોર્ટમાં પહોંચેલી આ જાહેર હિતની અરજીઓ દર્દીઓના અધિકારો માટે કેમ એક નવી ક્રાંતિની શરૂઆત બની શકે છે.

ભારત સરકાર દવાઓની કિંમતો કઈ રીતે કંટ્રોલ કરે છે? ભારતમાં દવાઓની કિંમતો પર અંકુશ રાખવા માટે મુખ્યત્વે 'એસેન્શિયલ કમોડિટીઝ એક્ટ, 1955' જવાબદાર છે. આ કાયદાની કલમ 3 હેઠળ સરકારને અધિકાર મળે છે કે તે જીવનજરૂરી ચીજવસ્તુઓની કિંમતો અને તેનું વિતરણ વાજબી ભાવે થાય તે સુનિશ્ચિત કરે. આ જ કાયદાના આધારે સરકારે 'ડ્રગ પ્રાઈસ કંટ્રોલ ઓર્ડર' (DPCO) બનાવ્યો છે. DPCOના અમલીકરણ માટે 1997માં કેમિકલ્સ અને ફર્ટિલાઈઝર્સ મંત્રાલય હેઠળ 'નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી' (NPPA)ની સ્થાપના કરવામાં આવી હતી. NPPAનું મુખ્ય કામ દેશમાં દવાઓની 'સિલિંગ પ્રાઈસ' (મહત્તમ કિંમત) નક્કી કરવાનું અને કંપનીઓ કાળાબજારી કે ઓવરચાર્જિંગ ન કરે એના પર નજર રાખવાનું છે. પરંતુ, ખરી રમત DPCOના બે મુખ્ય વર્ગીકરણમાં છુપાયેલી છે.

શેડ્યૂલ્ડ ફોર્મ્યુલેશન્સ : આ એ દવાઓ છે જેને આરોગ્ય મંત્રાલય દ્વારા તૈયાર કરવામાં આવેલી 'નેશનલ લિસ્ટ ઓફ એસેન્શિયલ મેડિસિન્સ'માં સામેલ કરવામાં આવે છે. આ દવાઓ પર સરકારની સીધી કિંમત મર્યાદા લાગુ પડે છે.

નોન-શેડ્યૂલ્ડ ફોર્મ્યુલેશન્સ : જે દવાઓ આ લિસ્ટમાં નથી, તેના પર સરકારનો સીધો ભાવ અંકુશ હોતો નથી. કંપનીઓ દર વર્ષે તેની કિંમતમાં 10 ટકા સુધીનો વધારો કરવા માટે સ્વતંત્ર હોય છે. અહીં જ મોટો ખેલ રમાય છે. ભારતનું આખું ફાર્માસ્યુટિકલ માર્કેટ લાખો કરોડ રૂપિયાનું છે, પણ DPCO હેઠળ આવતી 'શેડ્યૂલ્ડ દવાઓ'નો હિસ્સો કુલ માર્કેટના માત્ર 20 ટકા જેટલો જ છે! બાકીનો 80 ટકા હિસ્સો નોન-શેડ્યૂલ્ડ દવાઓનો છે, જેના પર કોઈ નક્કર કિંમત કંટ્રોલ નથી. કેન્સર, રેર ડીસીઝ (દુર્લભ બીમારીઓ), હૃદયના જટિલ ઓપરેશન અને લાઈફ-સપોર્ટ સિસ્ટમમાં વપરાતી મોટાભાગની આધુનિક અને સુપર-સ્પેશિયાલિટી દવાઓ આ 20 ટકાના લિસ્ટ બહાર જ રહે છે. પરિણામે, ફાર્માસ્યુટિકલ કંપનીઓ પોતાની ઈચ્છા મુજબ તેની MRP છાપવા માટે મુક્ત બની જાય છે. સુપ્રીમ કોર્ટમાં ચાલી રહેલી અરજીઓ દરમિયાન એક સણસણતો ખુલાસો થયો કે કેન્સરની એક ચોક્કસ દવા, જે રિટેલર કે હોસ્પિટલને મૂળ ઉત્પાદક પાસેથી માત્ર 2,700માં સપ્લાય થાય છે, તેની પટી પર કાયદેસર રીતે 27,000ની MRP છાપવામાં આવે છે!

હવે સવાલ એ થાય કે આ વચ્ચેનો 24,300નો મસમોટો નફો કોના ખિસ્સામાં જાય છે? દવા ઉત્પાદક કંપનીઓ પોતાના પ્રોડક્ટને માર્કેટમાં ધકેલવા માટે મોટા સ્ટોકિસ્ટોને આકર્ષક માર્જિન આપે છે. હોસ્પિટલો ક્યારેય દર્દીને હોસ્પિટલ બહારથી દવા ખરીદવા દેતી નથી. તેઓ આ દવાઓ તેમની પોતાની ફાર્મસી પરથી જ ખરીદવાની ફરજ પાડે છે અને દર્દી પાસેથી પૂરેપૂરી MRP (27,000) વસૂલે છે, જ્યારે પોતે 2,700માં મેળવેલી હોય છે! ડોક્ટરો અને હોસ્પિટલોને વિશિષ્ટ બ્રૅન્ડ લખવા માટે આ જ 'પ્રોફિટ માર્જિન'માંથી કટકી આપવામાં આવે છે. સુપ્રીમ કોર્ટે આ જ અમાનવીય મોડેલ પર આકરા ચાબુક વીંઝતા કહ્યું કે, આ કોઈ વેપાર નથી, આ તો સીધીસાદી અબાલ-વૃદ્ધ દર્દીઓની લૂંટ છે. લોકો પોતાની જમીન, ઘરેણાં અને ઘર વેચીને કેન્સરની સારવાર કરાવે છે અને સિસ્ટમ એમની પાસેથી ખંડણી વસૂલે છે. સર્વોચ્ચ અદાલતમાં દાખલ કરવામાં આવેલી PILમાં કેટલાંક મહત્વના મુદ્દાઓ પર કાનૂની આદેશ આપવાની માગ કરવામાં આવી છે. સપ્લાયરની પડતર કિંમત અને ગ્રાહકને વેચવામાં આવતી એમઆરપી વચ્ચેનો તફાવત ચોક્કસ ટકાવારી (જેમ કે 15 થી 30 ટકા)થી વધુ ન હોવો જોઈએ. જીવનરક્ષક અને તમામ પ્રકારની ગંભીર બીમારીઓની દવાઓને તાત્કાલિક શેડ્યૂલ્ડ યાદીમાં સામેલ કરવામાં આવે. ઉપરાંત, બ્રૅન્ડેડ દવાઓના નામે ચાલતી અંધાધૂંધી રોકવા માટે મૂળ સોલ્ટ/જેનેરિક નામથી જ દવાઓનું વેચાણ ફરજિયાત બનાવવામાં આવે. સાથે સાથે કોર્પોરેટ હોસ્પિટલો દ્વારા દવાઓ અને મેડિકલ સાધનો (જેમ કે સ્ટેન્ટ, બોન ઈમ્પ્લાન્ટ વગેરે) પર લેવાતા અવાસ્તવિક માર્જિન પર કાનૂની રોક લગાવવામાં આવે.

બીજી બાજુ, કેન્દ્ર સરકાર અને ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ તરફથી પણ પોતાની દલીલો રજૂ કરવામાં આવે છે. ફાર્મા લોબીનું કહેવું છે કે દવા બનાવવા પાછળ કરોડો ડોલરનું સંશોધન ખર્ચ થાય છે. જો સરકાર દવાઓના ભાવ બહુ જ નીચા બાંધી દેશે, તો ગ્લોબલ ફાર્મા કંપનીઓ ભારતમાં નવી અને અત્યાધુનિક દવાઓ લોન્ચ કરવાનું બંધ કરી દેશે, જેનાથી દર્દીઓને નુકસાન થશે. ભારતમાં ફાર્માસ્યુટિકલ ક્ષેત્રમાં તીવ્ર સ્પર્ધા છે, જેનાથી આપોઆપ ભાવ અંકુશમાં રહે છે. જોકે, સુપ્રીમ કોર્ટે આ દલીલોને ફગાવતા સ્પષ્ટ કહ્યું કે, સંશોધનના નામે દર્દીઓ પાસેથી 1000 ટકા માર્જિન લેવાની છૂટ ક્યારેય ન આપી શકાય. બંધારણના અનુચ્છેદ 21 હેઠળ દરેક નાગરિકને 'જીવવાનો અધિકાર' મળવો જ જોઈએ અને આ જ અધિકારમાં 'સસ્તા અને પોષાય તેવા આરોગ્ય'નો સમાવેશ થાય છે.

આ કેસ માત્ર કાયદાકીય લડાઈ નથી, પણ ભારતના કરોડો સામાન્ય પરિવારો માટે અસ્તિત્વનો સવાલ છે. જ્યારે પણ ઘરમાં કોઈ સભ્ય ગંભીર બીમારીમાં સપડાય છે, ત્યારે એ પરિવાર આર્થિક રીતે પાયમાલ થઈ જાય છે. આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે સરકારે ત્રણ સ્તરે કામ કરવું પડશે. DPCOની ક્ષતિઓ દૂર કરીને ટ્રેડ માર્જિન કેપિંગનો નિયમ તમામ નોન-શેડ્યૂલ્ડ દવાઓ પર પણ સખત રીતે લાગુ કરવો પડશે. પ્રધાનમંત્રી જન ઔષધિ કેન્દ્રો પર લાઈફ-સેવિંગ ડ્રગ્સની ઉપલબ્ધતા વધારવી અને લોકોમાં જાગૃતિ લાવવી. હોસ્પિટલો માટે કન્સલ્ટેશન ફી, રૂમ ચાર્જ અને દવાઓના બિલ અલગ અને સ્પષ્ટ લખવા કાનૂની રીતે ફરજિયાત બનાવવું. સુપ્રીમ કોર્ટે ફાર્મા ક્ષેત્રના આ કાળા કારોબાર સામે જે કડક વલણ અપનાવ્યું છે, તેણે સામાન્ય જનતા માટે આશાનું કિરણ જગાવ્યું છે. જો સર્વોચ્ચ અદાલત આ કેસમાં ફાર્મા માર્જિન અને દવાઓની કિંમતો પર આકરા નિયમો બનાવવાનો ઐતિહાસિક ચુકાદો આપે છે, તો એ ભારતના આરોગ્ય ક્ષેત્રનો સૌથી મોટો સુધારો ગણાશે. દવા એ કોઈ મોજશોખની વસ્તુ નથી કે તેના પર ઈચ્છા મુજબ નફો કમાઈ શકાય; એ તો માનવજીવન બચાવવાની પ્રાથમિક જરૂરિયાત છે. હવે જોવાનું એ રહેશે કે સરકાર અને સુપ્રીમ કોર્ટ મળીને આ 'દિવસ-દહાડે થતી લૂંટ' પર કાયમી તાળું ક્યારે મારે છે!

**સુપ્રીમ કોર્ટે આ જ અમાનવીય મોડલ પર આકરા ચાબુક વીંઝતા કહ્યું કે, આ કોઈ વેપાર નથી, આ તો સીધીસાદી અબાલ-વૃદ્ધ દર્દીઓની લૂંટ છે**

**લાઈફ-ઓન**

★ ફાલ્ગુની આશર



# અર્થની અનર્થતા



ભર્તૃહરિ કૃત વિજ્ઞાન શતકમાં કહેવાયું છે કે અર્થ એટલે કે ધન અનેક અનર્થનું કારણ છે; એમ સેંકડો શ્રુતિ-સ્મૃતિ જણાવે છે, વડીલ આપ્તજનો પણ તે જ વાતો દોહરાવે છે. અર્થનો નિષેધ કરવાની આવશ્યકતા સ્થાપિત થયેલી છે, છતાં પણ મન પ્રતિદિન અનર્થકારક ધનની પાછળ દોડ્યા કરે છે. વાત સાચી છે. આ અર્થહીન અને અસાર ધન ઉપર મનુષ્ય ચંચળ તેમજ પિશાચ જેવો બની જઈ પ્રીતિ રાખે છે. ખેદની વાત એ છે કે આ અનર્થકારક ધન મેળવવાની ઈચ્છાને પડતી મૂકવાની ઈચ્છા કોઈને થતી નથી, ધન પ્રત્યેનાં આકર્ષણથી મુક્ત થવાનો ઉપાય કોઈ કરતું નથી.

ચાર પુરુષાર્થમાં 'અર્થ' એક પુરુષાર્થ છે. અર્થ એટલે ભવિષ્યની સંભવિત ઈચ્છા પૂરી કરવા માટે કરાતો પુરુષાર્થ. વ્યવહારમાં સરળતા રહે તે માટે આ પ્રકારના પુરુષાર્થનું સામાન્ય રીતે ધનમાં રૂપાંતરણ થતું હોવાથી અર્થને ધન સાથે, સંપત્તિ સાથે સાંકળવામાં આવે છે. અર્થ એટલે ધન-સંપત્તિ અને અનર્થ એટલે કોઈપણ સંજોગોમાં ઈચ્છનીય ન હોય તેવી બાબત. આ પરિપ્રેક્ષ્યમાં અનર્થ એટલે દુઃખ, અશાંતિ, અસંતોષ, નુકસાની, વિનાશ, બદનામી, સજા, ઈજા કે મૃત્યુ જેવી બાબતની ગણના થતી હોય છે.

અર્થની અનર્થતા એટલે જે બાબત સકારાત્મકતા માટે હોય તેનાં થકી જ ઊભી થતી નકારાત્મકતા, સુખની આશાથી જેની પ્રાપ્તિ કરાઈ હોય તેનાથી જ પ્રાપ્ત થતું દુઃખ, સામાજિક કે આધ્યાત્મિક પ્રગતિ માટે અવરોધક બની જતી જે તે બાબત, જે સન્માન પ્રાપ્ત કરવા માટે હોય તેનાથી જ ઊભી થતી બદનામી, જે આનંદ માટે હોય તેના થકી જ મળતી પીડા અને જે મુક્તિ માટે હોય તે જ બંધનનું કારણ બનવાની સ્થિતિ. અહીં અપેક્ષા શુભ હોય પરંતુ અંતે અશુભતા સ્થાપિત થાય. અર્થ જ્યારે ઈચ્છિત કરતાં વિપરીત પરિસ્થિતિ સ્થાપિત કરે ત્યારે તે અનર્થ કહેવાય.

વાસ્તવમાં અર્થ એટલે કે ધન પોતે ખરાબ નથી, પરંતુ તેની સાથે જોડાયેલાં લોભ, સ્વાર્થ, ઈર્ષા, મોહ, હિંસા, કપટ, અહંકાર, કામના તથા અજ્ઞાનને કારણે અનર્થ સ્થાપિત થાય. વધુ ને વધુ ધન પ્રાપ્ત કરવાની ઈચ્છા એટલે લોભ, પોતાની માટે જ ધનનો ઉપયોગ કરવો એટલે સ્વાર્થ, અન્યના અધિક ધન માટે તેની સાથે નકારાત્મક ભાવ રાખવો એટલે ઈર્ષા, ધનને કારણે કે ધન માટે સ્થાપિત થતો અદમ્ય લગાવ એટલે મોહ, ધન પ્રાપ્તિ માટે સૂક્ષ્મ કે સ્થૂળ અપરાધ કરવો એટલે હિંસા, તેવા જ હેતુસર અનૈતિક માર્ગ અપનાવવો એટલે કપટ, ધન પ્રાપ્તિથી 'હું અને મારું'ના ભાવમાં થતો વધારો એટલે અહંકાર, ધનને કારણે વિષયભોગમાં વધુ રસ જાગ્રત થાય તે કામના અને ધન તેમજ ધનથી પ્રાપ્ત થતી બાબતોને જ અસ્તિત્વ માની લેવાની પ્રક્રિયા એટલે અજ્ઞાન. એમ કહી શકાય કે ધનથી વ્યક્તિ આર્થિક પરિપ્રેક્ષ્યમાં શાંત અને સુખી જણાય, પરંતુ સંભવ છે કે તે અંદરથી અશાંત અને ચિંતિત હોય. આ પરિસ્થિતિ એટલે જ ઊભી થયેલી અનર્થતા.

ધન જ્યારે ભ્રષ્ટાચાર કે છેતરપિંડી જેવાં અયોગ્ય અને અન્યાયપૂર્વકના માધ્યમથી પ્રાપ્ત કરાયું હોય, ધન માટે જ્યારે અતિશય મોહ હોય, ધનનો ઉપયોગ વ્યસન, વ્યભિચાર કે માત્ર વૈભવની અભિવ્યક્તિ માટે થતો હોય, જીવનના 'કેન્દ્ર'માં અંતે ધન સ્થાપિત થતું હોય, જ્યારે જીવનનું ધ્યેય જ ધન બની ગયું હોય ત્યારે ચોક્કસ માનસિક અશાંતિ અને ઉદ્વેગ ઊભાં થાય; જેનાથી લાંબાગાળે સાત્ત્વિક તેમજ આધ્યાત્મિક વિકાસ અટકી પડે. સંતોષ જરૂરી છે, સાથે કમાણીમાં શુદ્ધિ હોવી જોઈએ, ક્ષમતા મુજબ પુણ્ય-દાન કરવાં જોઈએ, મૂલ્યનિષ્ઠ સામાજિક પ્રવૃત્તિને ટેકો આપવો જોઈએ, ધાર્મિક કાર્યોમાં સહભાગી થવું જોઈએ અને સંપત્તિ 'માલિક' ન બની જાય તેનું ધ્યાન રાખવું જોઈએ. એ સમજવું જરૂરી છે કે ધન એક સાધન માત્ર છે, જેનો સારો ઉપયોગ પણ શક્ય છે અને ખરાબ પણ. જ્યારે ધનનો ખરાબ ઉપયોગ થાય ત્યારે તે અનર્થતામાં પરિણમે. વળી, જો ચોક્કસ પ્રકારનો અસુરક્ષાનો ભાવ હોય, ભવિષ્ય માટે અપ્રમાણસરની અપેક્ષાઓ હોય, એશોઆરામને જ સુખ ગણાતું હોય, ધનના ઉપયોગ થકી જ પ્રતિષ્ઠા અને પ્રભાવ પ્રાપ્ત કરવાની યોજના હોય, ધન થકી જ ઓળખ ઊભી કરવાની તમન્ના હોય તો વધુ ધન પ્રાપ્તિ માટે હંમેશા પ્રયત્ન કરવામાં આવે, જેનાથી અનર્થતામાં વધારો થાય.

ષડ્રિપુના સંદર્ભમાં આ વાત આ રીતે સમજી શકાય. ધનથી ઈન્દ્રિયસુખ સરળ બને તેમ જો માનવામાં આવે તો કામેચ્છા પ્રબળ થાય, ધન મેળવવામાં જો અવરોધ આવે કે જો ધનનો નાશ થાય તો ક્રોધ જાગી શકે, વધુ ને વધુ ધન પ્રાપ્ત કરવાની ઈચ્છા એટલે લોભ, ધન વિષયે 'મારું' હોવાની લાગણી એટલે મોહ, પોતે ધનિક હોવાથી અન્યને તુચ્છ સમજવાનો ભાવ એટલે અહંકાર અને અન્યની સંપત્તિ જોઈને ઉત્પન્ન થતી ઈર્ષા એટલે મત્સર. ષડ્રિપુ સાથે એક યા બીજા પ્રકારે સંપત્તિ સંકળાયેલી હોઈ શકે. એ સમજવું પડે કે સંપત્તિથી નહીં, પરંતુ ભક્તિ અને ધ્યાનથી કામના શાંત થઈ શકે. કામના શાંત થતાં અપેક્ષાઓ ઓછી થાય, જેથી ક્રોધની સંભાવના ન રહે. લોભ ઉત્પન્ન ન થાય તો અધર્મ તરફ વળવાની સંભાવના ન રહે. જો મોહ ન હોય તો સંપત્તિ 'છૂટી' જવાનો ડર ન હોય. ધનને મહત્વ ન મળે તો અહંકાર ન જાગે અને ઈર્ષા પણ શક્ય ન બને. પ્રશ્ન ધનનો નથી, તેની સાથે સંકળાયેલી સંલગ્નતા અને તેની સાથેના મમત્વનો છે. આમ પણ ધન ચંચળ છે, તેના પ્રત્યેનો આવો ભાવ, આજે નહીં તો કાલે, અનર્થ ઊભો કરે. ધન હાથમાં હોઈ શકે, પરંતુ મન અને હૃદયમાં તેનો પ્રવેશ ન મળવો જોઈએ.

**ધનથી વ્યક્તિ આર્થિક પરિપ્રેક્ષ્યમાં શાંત અને સુખી જણાય, પરંતુ સંભવ છે કે તે અંદરથી અશાંત અને ચિંતિત હોય**

**આંખની અટારી**

★ હેમુ ભીખુ